સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના કાર્યક્ષેત્ર હેઠળ આવતા કામો અંગે તા.૨૯–૧૦–૦૫ ના રોજ મા.એડ્‌મિનિસ્ટ્રેટરશ્રીએ નીચે મુજબનો ઠરાવ કર્યો હતોઃ–

::::::::::::::::::::

મ્યુ.કમિશ્નરશ્રીના તા.૨૫–૧૦–૦૫ ના પત્ર નં.સી.સા.સ./૧૩ થી વિદિત થઈ, સાઉથ ઝોન વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫૫(ભેસ્તાન) ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ–૪૨ (૧) મુજબ યોજનાનો મુસદ્દો સરકારી રાજયપત્રમાં તથા તે સ્થાનિક દૈનિકપત્રોમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો પ્રસિધ્ધ કર્યાની તારીખથી ૩૦ દિવસની અંદર જાહેર જનતા પાસેથી વાંધા/સૂચનો મેળવવા તથા આવેલ વાંધા/સૂચનો ધ્યાને લઈ ઉપરોકત કાયદાની જોગવાઈઓ મુજબ મુસદ્દો પ્રસિધ્ધ કર્યાની તારીખથી ત્રણ માસની અંદર સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજનાને સરકારશ્રીમાં સાદર કરવાની કાર્યવાહી કરવા તથા તેને આનુસાંગિક જરૂરી કાર્યવાહી કરવા મ્યુ.કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું મંજુર કરવામાં આવે છે.

<u>એડમિનિસ્ટ્રેટર (કોર્પોરેશન) ઠરાવ નં.૧૦૭૯/૨૦૦૫ મંજુર.</u>

સ.ર. મ્યુ.કમિશ્નરશ્રી પ્રતિ,

સે ક્રે ટ રી,
સુરત મહાનગરપાલિકા.
તા. ૮–૧૧–૦૫.

Satish...